Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ગુજરાતમાં ઔદ્યોગિક વિવિધતા અને ઔદ્યોગિક વિકાસ

ડૉ. નરેન્દ્રકુમાર બી. પટેલ
આસીસ્ટન્ટ પ્રોફેસર, ભવન્સ શેઠ આર.એ. કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, ખાનપુર, અમદાવાદ

❖ પ્રસ્તાવના :-

ગુજરાત ભારતના નકશામાં મહત્વનું સ્થાન ધરાવે છે. આજ થી ૬૦ વર્ષ પહેલાનો ગુજરાતનો છૂટાછવાયા ઔધોગિક કેન્દ્રો વાળો ઔધોગિક નકશો હવે ઉધોગોના વિકાસથી ભાતીગળ બન્યો છે. અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યા પછી ઔધોગિક ક્ષેત્રે ગુજરાતે લગભગ શૂન્યમાંથી સર્જન કર્યું છે. અને તેના ઔધોગિક વિકાસમાં ઝડપ અને વિવિધતા બંને જોવા મળે છે. આથી ગુજરાતનું ઔધોગિક ભુમીદ્રશ્ય સમગ્રપણે બદલાઈ ગયેલું દેખાય છે. દેશ વિદેશમાં ગુજરાત તેના કેટલાક પ્રણાલિકાગત ઉદ્યોગો અને તેની પેદાશો માટે પ્રાચીન સમયથી જાણીતો છે. પરંતુ હવે તો આધુનિક યંત્ર સામગ્રીની પેદાશ અને નિકાસ કરીને ઔધોગિક કૂચમાં ગુજરાત આગળ વધી રહ્યું છે.

❖ ગુજરાતના મુખ્ય ઉધોગો :-

ગુજરાતમાં કાચોમાલ, માનવશ્રમ, મૂડી, વાહનવ્યવહાર અને સરકારની નીતિ જેવા ઉદ્યોગો માટે અનુકુળ પરિબળોની ઉપલબ્ધીના કારણે ગુજરાતે અનેક ઉધોગોનો વિકાસ સાધ્યો છે. જેમાં નીચે મુજબના ઉધોગોનો વિકાસ ખુબ જ વિવિધતા ધરાવે છે.

➢ કાપડ ઉધોગ

ગુજરાતમાં કાપડ ઉધોગ મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતના કાપડ ઉદ્યોગમાં, સુતરાઉ કાપડ ઉદ્યોગ સૌથી અગત્યનો છે. ગુજરાતમાં સુતરાઉ કાપડ ઉદ્યોગના સ્થાનીયકરણ અને વિકાસ માટે કેટલીક અનુકુલાતાઓ રહેલી છે. જેમ કે ગુજરાતમાં આશરે ૨૫ લાખ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર થાય છે. ગુજરાતની કાળી કપાસની જમીન, કપાસની ખેતી માટે અનુકુળ હોવાથી કપાસનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. સ્થાનિક પ્રદેશોમાં થોડા પ્રમાણમાં લાંબા તારના કપાસનું ઉત્પાદન થાય છે. તેમ છતાં ઉંચી કક્ષાના મુલાયમ કપડાના ઉત્પાદન માટે જરૂરી લાંબા તારનું રૂ ઈજીપ્ત, સુદાન કે પાકિસ્તાન માંથી આયાત કરવામાં આવે છે.

ગુજરાતના કાપડ ઉદ્યોગના વિકાસની શરૂઆતના તબક્કામાં જરૂરી યંત્ર સામગ્રી મુબઈ બંદર દ્વારા પરદેશથી આયાત થતી હતી. પણ આજે દેશમાં જ મશીનરી બનાવતા ઉદ્યોગોનો વિકાસ થયો હોવાથી ઘણી ખરી મશીનરી દેશમાંથી જ મળી રહે છે. ગુજરાતમાં સુરેન્દ્રનગરમાં ત્રાકો, સ્પિનીગ માટેની રીંગ, ફ્રેમ, બોબીન, બોબીન હોલ્ડર, વુડન બોક્સ, બોબીન મશીન અને શટલ વગેરે સાધનોનું ઉત્પાદન થાય છે.

ભારતના સુતરાઉ કાપડના કુલ ઉત્પાદનના આશરે ૨૧ % જેટલું કાપડનું ઉત્પાદન એકલું અમદાવાદ કેન્દ્ર જ કરે છે. અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત, નવસારી, કલોલ, બીલીમોરા, ભરૂચ, પેટલાદ, ખંભાત, નડિયાદ અને ભાવનગર વગેરે કેન્દ્રોમાં પણ સુતરાઉ

કપડાની મિલો આવેલી છે. ચાલુ કારખાનાની દ્રષ્ટીએ આ ઉદ્યોગ ગુજરાતમાં પાંચમા સ્થાને છે. ગુજરાતમાં કારખાના માંથી રોકાયેલા કામદારોમાંથી ૨૪ % જેટલા કામદારો સુતરાઉ કાપડ ઉદ્યોગમાં રોકાયેલા છે. તે રીતે રોજગારી પૂરી પડવાની દ્રષ્ટીએ સુતરાઉ કાપડ ઉદ્યોગ બીજે નંબરે આવે છે.

સુતરાઉ કપડાની મિલો ઉપરાંત ૨૪ હજાર થી ૨૫ હજાર જેટલી હાથસાળો અને ત્રણ લાખ કરતા વધુ યાંત્રિક સાળો નાના પાયાના ઉદ્યોગ તરીકે ગુજરાતમાં ચલાવવામાં આવે છે. સુરત અને ખંભાતમાં યાંત્રિક સાળો વધુ પ્રમાણમાં છે. એકલા સુરત શહેર માંજ દેશની ૪૦ % જેટલી યાંત્રિક સાળો છે. સુરત, ખંભાત, ધોળકા વગેરે હેન્ડલુમ અને પાવરલુમથી બનતા કાપડ ઉદ્યોગના મહત્વના કેન્દ્રો છે. આ ઉપરાંત અમદાવાદ, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, ભાવનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, ખેડા અને ડાંગ જીલ્લામાં હાથસાળ ઉદ્યોગોના કેન્દ્રો સહકારી ધોરણે વિકસ્યા છે.જોકે ઓછા વત્તા પ્રમાણમાં હેન્ડલુમ ઉદ્યોગના કેન્દ્રો ગુજરાતમાં બધે જ વિસ્તરણ પામ્યા છે. હેન્ડલુમ ઉદ્યોગમાં ખાસ કરીને જાડા કાપડનું ઉત્પાદન થાય છે. તાજેતરમાં પડદાનું કાપડ, સાડીઓ જેવી કે પોલીએસ્ટર, કલકત્તી, ચંદેરી, રેશમી, ખંભાતના ઘરચોળા, હનીકોમ્બ ટુવાલ, ટર્કીશ ટુવાલ,ચાદરો, મશરૂ કાપડ વગેરેનું ઉત્પાદન હાથસાળ ઉદ્યોગમાં થાય છે. જયારે પાવરલૂમ ઉદ્યોગમાં સાડીઓ તથા ધોતીના કપડાનું વધુ ઉત્પાદન થાય છે. હેન્ડલુમ ઉદ્યોગમાં અશિક્ષિત કા,દરો વધુ પ્રમાણમાં રોકાયેલ છે. આ ઉદ્યોગોના વિકાસ માટે 'ગુજરાત રાજ્ય હાથસાળ વિકાસ કોરપોરેશન' ની રચના કરવામાં આવી છે.

ગુજરાતમાં ખાદીનું ઉત્પાદન પણ સારા એવા પ્રમાણમાં થાય છે. ગુજરાતમાં આજે લગભગ ૨૦ થી ૨૫ હજાર અંબર ચરખા ચાલે છે અને ૧૦ થી ૧૫ હજાર પારંપરિક ચરખા ચાલે છે. ખાદી ૫૦ હજાર કારીગરોને રોજગારી આપે છે.ખાદી ઉત્પાદન અને વેચાણનું યોગ્ય આયોજન કરવામાં આવે તો ૩ લાખ થી પણ રોજગારીનું સર્જન કરી શકાય તેમ છે.

કાચું રેશમ વાપરવામાં ગુજરાત એક મુખ્ય રાજ્ય છે. તેથી ગુજરાતમાં કોશેટા ઉછેર ઉદ્યોગનો વિકાસ કરી ગુજરાતમાં રેશમના વણાટકામ માટે રેશમનો કાચો માલ પેદા કરી શકાય. ગુજરાતમાં કોશેટા ઉછેર ઉદ્યોગનો આરંભ કરવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિ નાના અને સીમાંત ખેડૂતોને, ખેતમજુરો તથા વણકરોને લાભદાઈ રોજગાર પૂરો પડી શકે તેમ છે. ગુજરાતમાં ૧૨ જેટલા ગાલીચા વણાટ કેન્દ્રો ખાસ કરીને કચ્છમાં સ્થાપવામાં આવ્યા છે.

- એન્જીનિયરિંગ ઉદ્યોગ

ગુજરાતમાં આજે એન્જીનિયરિંગના ઉદ્યોગોનો વિકાસ ઝડપથી થઇ રહ્યો છે. ગુજરાત પાસે લોખંડ કે કોલસો ના હોવા છતાં દેશના બીજા ભાગોમાંથી તેની આયાત કરીને નાની મોટી યંત્ર સામગ્રી બનાવવાને લગતા એન્જીનિયરિંગ ઉદ્યોગો વિકસાવવામાં આવ્યા છે. આ ઉદ્યોગોમાં સ્ટીલ પાઈપ, સ્ટીલ ટ્યુબ, ડીઝલ એન્જિન, વીજળીથી ચાલતી મોટરો, વીજળીથી ચાલતા પંપ, સ્વીચ ગીઅર, પાણીના મીટર, ટ્રેક્ટર, સ્કુટર, સાઇકલ, પાવર ટીલર, કાપડ ઉદ્યોગની મશીનરી, ખેતીના યંત્રો, પ્રેસના જરૂરી મશીનો, ફાર્માસ્યુટિકલ ઉત્પાદન માટેના યંત્રો, મશીન ટુલ્સ, વાહનોના ભાગ, ટર્બાઈન જેવી અનેકવિધ ચીજ વસ્તુઓનું ઉત્પાદન આ ઉદ્યોગોમાં થાય છે. આ

ઉદ્યોગોનો વિકાસ લઘુઉધોગ તરીકે વધુ પ્રમાણમાં થયો છે. ગુજરાતમાં આજે એન્જીનિયરિંગ ઉદ્યોગના ૧૨ હજાર કરતા પણ વધુ એકમો આવેલા છે.

ગુજરાતમાં એન્જીનિયરિંગ ઉદ્યોગનું સૌથી મોટું કેન્દ્ર અમદાવાદ છે. અમદાવાદમાં વિકસેલા અનેક ઉદ્યોગોના લીધે આ ઉધોગના ઉત્પાદનને વિશાળ બજાર મળી રહે છે. એટલું જ નહીં પણ વાહનવ્યવહારની સગવડ પણ આ ઉધોગના વિકાસ માટે જવાબદાર છે.

સમગ્ર ભારતમાં જાહેર ક્ષેત્રે મશીન ટુલ્સના ઉત્પાદન કરતા ૧૧૫ મોટા એકમો આવેલા છે. તેમાંથી છ એકમો ગુજરાતમાં આવેલા છે. ગુજરાતમાં આજે ૨૫૦૦ કરતા પણ વધુ મશીન ટુલ્સનું ઉત્પાદન કરતા એકમો છે. જેમાંથી અમદાવાદ, રાજકોટ, નડિયાદ અને ભાવનગર, સુરેન્દ્રનગર તેના એકમો વધુ આવેલા છે. ગુજરાત દર વર્ષે અમેરિકા, કેનેડા, બ્રિટન, જર્મની, હોલેન્ડ અને ઓસ્ટ્રેલીયા જેવા વિકસિત દેશોમાં મશીન ટુલ્સની નિકાસ કરે છે.

સુરત કેન્દ્ર વોટર હીટર જેવા વીજળીક સાધનોનું ઉત્પાદન કરે છે. રાજકોટ ડીઝલ એન્જિનો બનાવતું દેશનું અગત્યનું કેન્દ્ર ઘણાય છે. અહી રેઝર, સાયકલના ડાયનેમા, બોલપેન, ઘડિયાળના કવર, લક્કડકામ માટેની મશીનરી વગેરે તેમજ બીજી અનેક ચીજોનું ઉત્પાદન થાય છે. મોરબીમાં ઇલેક્ટ્રિક ઘડિયારોનું મોટાપાયે ઉત્પાદન થાય છે. નડીયાદમાં ઓટોમોબાઇલ ના જુદા જુદા ભાગો જેવા કે શોક એબ્સોબ્રસ, પિસ્ટન અને બીજા ભાગોનું ઉત્પાદન કરતા અનેક એકમો આવેલા છે.

- રસાયણ ઉદ્યોગ

રસાયણ ઉદ્યોગ ગુજરાતનો એક અગત્યનો ઉદ્યોગ છે. આ ઉદ્યોગની ૩૧૦૦ કરતા પણ વધુ ફેકટરીઓ ગુજરાતમાં આવેલી છે. જેમાં ૧૫ જેટલી મોટી ફેકટરીઓ છે. આશરે ૧૪૨૭૦ જેટલા લઘુઉધોગના એકમો પણ વિવિધ રસાયણોનું ઉત્પાદન કરે છે.

ગુજરાતમાં રસાયણ ઉદ્યોગનો વિકાસ મીઠાપુર, અમદાવાદ, વડોદરા, વલસાડ, તાપી, ઉધના, પોરબંદર, ભાવનગર, ધ્રાંગધ્રા, અંકલેશ્વર વગેરે કેન્દ્રોમાં થાય છે. મીઠાપુરમાં તાતા કેમિકલનું સૌથી મોટું એકમ છે. મીઠાપુરના કારખાના માટે જરૂરી કાચો માલ મીઠું અને બ્રાઈન સ્થાનિક પ્રદેશોમાંથી મોટા જથ્થામાં મળે છે.

દેશના કુલ ઉત્પાદનના ૭૮ % મીઠું ગુજરાત ઉત્પન્ન કરે છે. ગુજરાતમાં દર વર્ષે સરેરાશ ૧૪૯૦૪ હજાર ટન મીઠાનું ઉત્પાદન થાય છે. જેમાંથી મોટા ભાગનું ઉત્પાદન સૌરાષ્ટ્ર અને કચ્છમાં થાય છે. મીઠાપુરનું તાતા કેમિકલ્સનું એકમ સોડા એશ, કોસ્ટિક સોડા, બ્લીચીંગ પાવડર, હાઇડ્રોક્લોરિક એસીડ, ઝીંક ક્લોરાઈડ, સોડીયમ બાય-કાર્બોનેટ અને બીજા અનેક રસાયણોનું ઉત્પાદન કરે છે. ગુજરાત દેશનું ૫૦ % એટલે કે ૧૨ લાખ ટન કોસ્ટિક સોડાનું ઉત્પાદન કરે છે. મીઠાપુર, ધ્રાંગધ્રા અને પોરબંદર આ ત્રણેય કેન્દ્રો ગુજરાતનું મોટાભાગનું સોડા એશનું ઉત્પાદન કરે છે. ગુજરાતમાં કોસ્ટિક સોડાનું ઉત્પાદન દેશના ઉત્પાદનના ૧૪.૦૬ % જેટલું થાય છે.

વડોદરા અને વલસાડ કેન્દ્રો ફાર્માસ્યુટિકલ પેદાશોમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. સમગ્ર ગુજરાતમાં ફાર્માસ્યુટિકલનું ઉત્પાદન કરતા ૨૬૦ એકમો આવેલા છે. તેમાં એલેમ્બિક,

સારાભાઇ કેમિકલ્સ, સેનીટેક્સ કોર્પોરેશન, કેડીલા, અતુલ પ્રોડક્ટ્સ અને ટોરેન્ટ વગેરે સૌથી અગત્યના એકમો છે.

ગુજરાતમાં હજુ પણ રસાયણ ઉદ્યોગના વિકાસની ઘણી શક્યતાઓ રહેલી છે. ગુજરાતમાં ઇન્ડિયન પેટ્રો કેમિકલ્સ સંકુલની આડપેદાશો રૂપે પેકિંગ માટેની ચીજ વસ્તુઓ બનાવી શકાય તેમ હોવાથી તથા ગુજરાત સૌદર્ય પ્રસાધનોના ઉદ્યોગને, ઉદ્યોગ માટેની સગવડો તથા વિશાલ બજાર પ્રાપ્ત થઇ શકે તેમ છે.

➢ પેટ્રો કેમિકલ્સ ઉધોગ

ભારતમાં ખનીજ તેલ પર આધારિત પેટ્રો-કેમિકલ્સના મોટા ઉદ્યોગોનો આરંભ કરવાનું માન ગુજરાતને ફાળે જાય છે. ગુજરાતમાં આ ઉધોગ વડોદરાથી શરુ કરી દક્ષિણ ગુજરાતના કિનારાના પટ્ટામાં ઝડપથી વિકસી રહ્યો છે. ગુજરાતમાં સૌ પ્રથમ વડોદરા નજીક કોયલી રીફાઈનરી અને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર કંપનીની સ્થાપના કરવામાં આવી. ગુજરાત રીફાઇનરીની કાચા તેલ ની શુદ્ધિકરણની ક્ષમતા ૧૨૫ લાખ ટન જેટલી છે. ભારતનો પ્રથમ પેટ્રો-કેમિકલ્સ સંકુલ 'ઇન્ડિયન પેટ્રો-કેમિકલ્સ કોર્પોરેશન લિ.' ૧૯૬૯ માં વડોદરામાં સ્થાપ્યો. આ ઉપરાંત રંગો, જંતુનાશક દવાઓ, ડાઈસ્ટફ, દવાઓ, ઈલેક્ટ્રીકલ, મિકેનિક અને ઈલેક્ટ્રોનીક્સ સાધનો અને યંત્રોના ભાગ, ખોરાકની જાળવણી માટેના પદાર્થો વગેરે અનેક જાતના ઉત્પાદન એરોમેટિક પ્રોજેક્ટ આધારિત ઉધોગો સ્થપાયા છે.

પેટ્રો કેમિકલ સંકુલનો બીજો એકમ 'ઓલ્ફીન્સ પ્રોજેક્ટ' અથવા 'નેપ્થા ક્રેકર પ્રોજેક્ટ' તરીકે ઓળખાય છે. આ એકમ સાડાચાર લાખ ટન નેપ્થાનો ઉપયોગ કરે છે. આ એકમમાં પોલીમર ગ્રેડનું પ્રોપિલીન, કેમિકલ ગ્રેડનું પ્રોપિલીન, બ્યુટાડીન અને બેન્ઝીનનું ઉત્પાદન થાય છે. કેમિકલ ગ્રેડના પ્રોપીલીન્માંથી એક્રીલોનાઈટ્રાઈલ અને તેમાંથી એક્રીલીક ફાઈબર બને છે, જે અન્ડરવેર અને ઓવરકોટ બનાવવા ઉપયોગી છે.

➢ રાસાયણિક ખાતરનો ઉદ્યોગ :-

ગુજરાત અનાજની બાબતમાં ખાદ્ય વાળું રાજ્ય છે. તેથી ગુજરાતની ખેતીમાંથી વધુ ઉત્પાદન મેળવવા રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાની જરૂર છે. ગુજરાતમાં રાસાયણિક ખાતર બનાવવાના ઉદ્યોગનો સારો વિકાસ થયો છે. કંડલા, બાજવા, કલોલ, સિક્કા અને હજીરામાં રાસાયણિક ખાતર ના મોટા કારખાના આવેલા છે. ખાતરના ઉત્પાદન માટે કાચા મળ તરીકે કુદરતી વાયુ, ગંધક, ફોસ્ફેટ અને નેપ્થા જરૂરી છે. ખનીજ તેલ અને નેપ્થા ગુજરાત ની રીફાઇનરી માંથી મળે છે જયારે ગંધક અને રોક ફોસ્ફેટ પરદેશથી આયાત થાય છે. ૧૯૬૨માં સરકાર અને ખાનગી ક્ષેત્રોના સંયુક્ત સાહસથી, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર કંપનીની સ્થાપના કરવામાં આવી. તેના લીધે વડોદરા નજીક બાજવા ખાતે ખાતરનું જંગી સંકુલ ઉભું કર્યું. આજે આ કારખાનું એશીયાભરનું સૌથી મોટું કારખાનું છે.

ગુજરાતમાં ભારતીય ખેડૂત સહકારી ખાતર મંડળી જે ટૂંકા નામે 'ઇફકો' તરીકે ઓળખાય છે. તેના દ્વારા કલોલ અને કંડલામાં ખાતરના કારખાના સ્થાપવામાં આવ્યા છે. આ બંને કારખાના મળીને દર વર્ષે આઠ લાખ ટન રાસાયણિક ખાતરનું ઉત્પાદન કરે છે. કંડલા અને કલોલના કારખાના યુરીયા, નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ્યુક્ત ખાતરોનું ઉત્પાદન કરે છે.

➢ સિમેન્ટ ઉદ્યોગ :-

ગુજરાતમાં સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ સારા એવા પ્રમાણમાં થયો છે. ગુજરાતમાં લગભગ ૪૧ જેટલી સિમેન્ટની ફેકટરીઓ આવેલી છે. હલ્મી સિક્કા, દ્વારકા, પોરબંદર, રાણાવાવ, અબુજાનગર, જાફરાબાદ અને કોડીનારમાં સિમેન્ટની મોટી ફેકટરીઓ આવેલી છે. આ ઉદ્યોગમાં કાચોમાલ જેવો કે ચૂનાના પથ્થર, માટી, ચિરોડી અને રેતી જેવા વજનદાર પદાર્થો હોવાથી જ્યો તે મળી રહેતા હોય ત્યો જ આ ઉદ્યોગનું સ્થાનીયકરણ થઇ શકે છે. સૌરાષ્ટ્રમાં સિમેન્ટ ઉદ્યોગનો કાચો માલ દરિયા કિનારાના નજીકના પ્રદેશોમાંથી વિશેષ મળે છે. આથી આ ઉદ્યોગના કેન્દ્રો મોટા ભાગે દરિયા કિનારાના નજીકના પ્રદેશોમાં આવેલા છે. કોડીનાર અને ઓખા મંડળીની આસપાસના વિસ્તારોમાંથી મળતા મીલીયોલાઈટ લાઇમસ્ટોન નો ઉપયોગ પોરબંદર, દ્વારકા અને કોડીનારના સિમેન્ટ ઉદ્યોગના કેન્દ્રો કરે છે. પોરબંદર કેન્દ્ર સફેદ સિમેન્ટનું ઉત્પાદન કરે છે.

સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ સૌરાષ્ટ્ર અને તેમો પણ જુનાગઢ, જામનગર અને અમરેલી જીલ્લામાં જોવા મળે છે. જુનાગઢ જીલ્લામાં આદ્રી, પલસાણા, કોડીનાર, વેરાવળ, માળિયા હાટીના અને પોરબંદર જીલ્લામાં પોરબંદર, રાણાવાવ, જામનગર જીલ્લામાં મોખાના, દિગ્વિજય ગ્રામ, ભાણવડ અને સિક્કા, જુનાગઢ જીલ્લામાં અંબુજાનગર, અમરેલી જીલ્લામાં રાજુલા, વગેરે કેન્દ્રોમાં સિમેન્ટ ફેકટરીઓ આવેલી છે. ગુજરાતમાં સિમેન્ટની સૌથી મોટી ફેક્ટરી ભરૂચ નજીક નર્મદાનગર ખાતે 'નર્મદા સિમેન્ટ કંપની' દ્વારા સ્થાપવામાં આવી છે. ગુજરાતમાં બનાસકાંઠા અને કચ્છ જીલ્લામાં સારી કશાનો ચૂનાના પથ્થરોનો મોટો જથ્થો મળ્યો છે. તેથી ત્યો સિમેન્ટ ઉદ્યોગના વિકાસ માટેની શક્યતાઓ છે.

➢ ખાંડ ઉદ્યોગ :-

ગુજરાતમાં ખેતી આધારિત ઉદ્યોગોનો વિકાસ પણ સારા એવા પ્રમાણમાં થયો છે. જેમાં ખાંડ ઉદ્યોગ અગત્યનો છે. ગુજરાતમાં ખાસ કરી ને દક્ષિણ ગુજરાતમાં શેરડીનું વાવેતર મોટા પ્રમાણમાં થાય છે. ગુજરાતમાં ખાંડ ના કારખાના સહકારી ક્ષેત્રમાં જ સ્થાપવા અગ્રતા આપવા સરકારની નીતિ રહી છે. ગુજરાતમાં સૌ પ્રથમ ખાંડનું કારખાનું ૧૯૫૬-૫૭ માં બારડોલી ખાતે સહકારી ક્ષેત્રે સ્થાપવામાં આવ્યું હતું.

ગુજરાતમાં ખાંડ ઉદ્યોગનું સ્થાનીયકરણ સુરત, વલસાડ, ખેડા, અમરેલી, જુનાગઢ વગેરે જીલ્લામાં થયું છે. સુરત જીલ્લામાં સાયન, ચલથાણ, મહુવા, મઢી, બારડોલી, વલસાડ જીલ્લાના ગણદેવી, મરોલી અને વલસાડ, ખેડા જીલ્લાના પાલજ, અમરેલી જીલ્લાના અમરેલી, જુનાગઢ જીલ્લાના ઉના, કોડીનાર, તલાળા, રાજકોટ જીલ્લાના ધોરાજી વગેરે કેન્દ્રોમાં ખાંડ ની ફેકટરીઓ આવેલી છે. કાપડ ઉદ્યોગ પછી ખાંડ ઉદ્યોગ રોજગારી આપવામાં બીજે સ્થાને છે. સૌરાષ્ટ્રમાં ૭૦ થી વધુ ખાંડસરીની ફેકટરીઓ આવેલી છે. ખાંડસરીની આડ પેદાશો રૂપે સુગરકેન વેક્સનું ઉત્પાદન કરી શકાય છે. ગુજરાતમાં સુરત જીલ્લાના કામરેજ, નિઝર અને કોસબા, વલસાડ જીલ્લાના પારડી અને નવસારી જીલ્લાના ચીખલી તથા ઉત્તર ગુજરાતમાં મહેસાણા જીલ્લાના ખેરાલુ ખાતે નવી ખંડની ફેકટરીઓ શરુ કરવામાં આવી છે. ખાંડ ઉદ્યોગની અગત્યની આડપેદાશ તરીકે મોલાસીસનું ઉત્પાદન થાય છે. જે કેમિકલ ઉદ્યોગ માટે અગત્યનો કાચો મળ છે.

❖ **સંદર્ભ :-**


- પ્રો. મંજુલાબેન દવે (૨૦૧૨), 'ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ', યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૧૬-૧૭, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર
- ઔદ્યોગિક ગુજરાત, સુનીલ પ્રકાશન
- અર્થસંકલન
- યોજના